### કલાગુર્જરીના સભ્યો માટે

# આજે ગાંધીનગર ટાઉનહૉલમાં 'ચાલ લગાવ શરત' નાટક ભજવાશે




ગાંધીનગર, તા. ૯

કલાગુર્જરી, ગાંધીનગર દ્વારા તેના ૧૩મા વર્ષના બીજા કાર્યક્રમ તરીકે મંથન થિએટર્સ, સુરત સર્જિત અને સલિલ ઉપાધ્યાય પ્રસ્તુત નાટક 'ચાલ લગાવ શરત'નું આયોજન કરવામાં આવ્યું છે.

હસતું, હસાવતું, રમતું, રમાડતું ઍવૉર્ડ વિજેતા કૉમેડી એવું આ નાટક ભારતમાં જ્યાં જ્યાં રજૂ થયું છે ત્યાં ત્યાં દર્શકોની અપ્રતિન ચાહનાને વર્યું છે.

કલાગુર્જરીના સભ્યો માટે આ નાટ્યપ્રયોગ તા. ૧૦ સપ્ટેમ્બર ને મંગળવારે રાત્રે ૯.૩૧ કલાકે ટાઉનહૉલ, ગાંધીનગર ખાતે યોજાઈ રહ્યો છે. સૌ સભ્યોને તે માણવા અને નવું સભ્યપદ ન મેળવ્યું હોય તો હૉલ પર જ લઈ લેવા સંસ્થાના પ્રમુખ ઍન પી પટેલે સૌને અનુરોધ કર્યો છે.



લેકાવાડા ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ પરિસરમાં ગણેશ ચતુર્થીના દિવસે ગણેશ સ્થાપન કરવામાં આવ્યું હતું. નિયમિત શાળાનાં ભૂલકાઓ દ્વારા આરતી, પૂજન, થાળનો શિરસ્તો પાળવામાં આવતો હતો. સોમવારે ભૂલકાઓ દ્વારા ગણેશજીને છપ્પન ભોગ પણ ધરાવવામાં આવ્યો હતો. મહાઆરતી બાદ સૌએ ગરબાની રમઝટ માણી હતી.

### તાલુકાકક્ષાના ખેલ મહાકુંભ અંતર્ગત

# રસ્સાખેંચ સ્પર્ધામાં આર જી સ્કૂલ અવ્વલ





ગાંધીનગર, તા. ૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર જી પટેલ કન્યા શાળા અને શ્રીમતી ઍસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા દ્વારા તાલુકા કક્ષાના ખેલ મહાકુંભ અંતર્ગત અન્ડર-૧૭ રસ્સાખેંચ સ્પર્ધામાં ભાગ લઈને પ્રથમ ક્રમનું વિજેતાપદ હાંસલ કરવામાં આવ્યું હતું. ટીમની પસંદગી જિલ્લા કક્ષાની સ્પર્ધા માટે પણ કરવામાં આવી હતી. વિજેતા ટીમ તથા માર્ગદર્શક ઉર્વશીબેન જોષીને સમગ્ર શાળા પરિવાર તરફથી આચાર્યએ બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

### લાયન્સ ક્લબ ઑફ ગાંધીનગર દ્વારા

# દહેગામ તાલુકાના લીહોડામાં આઈ ચૅક-અપ કૅમ્પ



લાયન્સ ક્લબ ઑફ ગાંધીનગર અને લાયન્સ આઈ હૉસ્પિટલ, ઓગણજના ઉપક્રમે દહેગામ તાલુકાના લીહોડા ગામે આઈ ચૅક-અપ કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ૩૦૦ જેટલા ગ્રામજનોએ આ કૅમ્પનો લાભ લીધો હતો. કૅમ્પ અંતર્ગત રાહત દરે ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમને મોતિયાના ઑપરેશનની જરૂર જણાઈ હતી તેમને આ ઑપરેશન નિઃશુલ્કપણે કરી આપવા માટે લઈ જવામાં આવ્યા હતા. આ પ્રસંગે લાયન્સ ક્લબ, ગાંધીનગરના સભ્યો અને લીહોડા ગ્રામ પંચાયતના સરપંચ, સભ્યો આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## જન્મદિને વધામણી



**અતુલ અમીન**
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૯૭૮૯ ૭૨૬૫૦



**વિરેન કે પ્રજાપતિ**
મો. ૭૯૯૦૯ ૫૪૧૪૯



**હાર્દિક પ્રકાશભાઈ નાયી**
મો. ૭૯૮૪૨ ૬૨૧૮૯

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

### રૉટરી ક્લબ ઑફ ગાંધીનગર અને સાબરમતી ગૅસ લિમિટેડ દ્વારા

# ઉનાવા ગામમાં નિશુલ્ક સર્વરોગ નિદાન કૅમ્પ યોજાયો







ગાંધીનગર, તા. ૯

રોટરી ક્લબ ઑફ ગાંધીનગર અને સાબરમતી ગેસ લિમીટેડ દ્વારા આયોજિત પ્રજનાં હેલ્થકેર નાં સહયોગથી નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન રવિવારે ઉનાવા ગામ ખાતે કરવામાં આવ્યું હતું, જેનો લાભ ૭૮૫થી વધારે લોકોએ લીધો હતો.

કૅમ્પમાં ૩૮૦ લોકોને ચશ્માં, ૪૩૫ લોકોને દવાનું નિશુલ્ક વિતરણ કરાયું અને ૧૦૪ લોકોને નિશુલ્ક જરૂરી બ્લડ ટેસ્ટ કરાયા હતા. આ કેમ્પમાં નિષ્ણાત ડોક્ટરોની ટીમ ઉપસ્થિત રહી હતી, જેમાં ડો. પીયુષ દવે, ડો.ગુંજન જૈન, ડો. જયંત ત્રિવેદી, ડો. પ્રગતિ અરોરા ત્રિવેદી, ડો. કંદર્પ ત્રિવેદી, ડો, ચિરાગ પટેલ, ડો. મનોજ અમીન,, ડો. કૃણાલ અટેરકર, ડો.શ્રુતિ અટેરકર, ડો. રાજ બારેયા, ડો. પ્રણાલી બાલપાંડે, ડો.ચિંતન શાહ, ડો.વિરલ લુહાર, બોડીકેર લેબ અને ડો.નીખીલ મોદીએ ઉપસ્થિત રહી પોતાની સેવા આપી હતી. રૉટરી ક્લબ દ્વારા આ તબીબોને સ્મૃતિચિહ્ન આપી તેમના પ્રતિ આભારની લાગણી પ્રગટ કરવામાં આવી હતી.

સમગ્ર કેમ્પમાં મફત દવા. મફત PFT ટેસ્ટ, મફત ECG મફત બ્લડ ટેસ્ટ, મફત ચશ્માં અને મફત ડાયાબિટીસ ચેકઅપ કરવામાં આવ્યું હતું. સમગ્ર આયોજનમાં અશ્વિનભાઈ કોમર્સ કોલેજના એન. એસ. એસ.ના સ્વયંસેવકો અને ઉનાવા યુથ ક્લબ દ્વારા ઉત્કૃષ્ઠ કામગીરી કરવામાં આવી હતી.

સમગ્ર મેડીકલ કેમ્પનું આયોજન રોટરી વતી કિરણભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં સાબરમતી ગેસ લિમીટેડના એમ.ડી. એ.કે. રમના, સંદીપ દવે, ડો. રણછોડ રથવી, રોટરી પ્રમુખ ધર્મેન્દ્ર પટેલ, સેક્રેટરી ડો. ભારત જૈન અને અન્ય રોટેરિયન મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

## પુણ્યસ્મરણ અને પશ્ચાતાપ

॥ બીજો મણકો ॥

મેં મોં તો લાલ રાખ્યું, પણ શરમાયો ખરો. દરવાજો બંધ કર્યો. જો પત્ની મને છોડી શકે તેમ નહોતી તો હું પણ તેને છોડીને કયાં જનારો હતો ? અમારી વચ્ચે કજિયા તો પુષ્કળ થયા છે, પણ પરિણામ હમેશાં કુશળ જ આવ્યું છે. પત્નીએ પોતાની અદ્‌ભુત સહનશક્તિથી જીત મેળવી છે.

આ વર્ણન આજે હું તટસ્થ રીતે આપી શકું છું, કારણ એ બનાવ તો અમારા વીત્યા યુગનો છે. આજે હું મોહાંધ પતિ નથી, શિક્ષક નથી. ઈચ્છે તો કસ્તૂરબાઈ મને આજે ધમકાવી શકે છે. અમે આજે કસાયેલાં મિત્ર છીએ, એકબીજા પ્રત્યે નિર્વિકાર થઈ રહીએ છીએ. મારી માંદગીમાં કશો બદલો ઈચ્છયા વિના ચાકરી કરનારી એ સેવિકા છે.


ઉપરનો બનાવ ૧૮૯૮ની સાલમાં બન્યો. ત્યારે બ્રહ્મચર્યના પાલન વિષે હું કાંઈ જાણતો નહોતો. એ સમય એવો હતો કે જયારે પત્ની એ કેવળ સહધર્મિણી, સહચારિણી અને સુખદુઃખની સાથી છે એવું મને સ્પષ્ટ ભાન નહોતું. તે વિષયભોગનું ભાજન છે, પતિની આજ્ઞા ગમે તે હોય તોપણ તે ઉઠાવવા સરજાયેલી છે એમ માની હું વર્તતો એ હું જાણું છું.




સને ૧૯૦૦ની સાલથી મારા વિચારોમાં ગંભીર પરિવર્તન થયું. ૧૯૦૬ની સાલમાં પરિણામ પામ્યું. પણ એ પરિણામને આપણે તેને સ્થળે ચર્ચશું.

અહીં તો આટલું જણાવવું બસ છે કે, જેમ જેમ હું નિર્વિકાર થતો ગયો તેમ તેમ મારા ઘરસંસાર શાંત, નિર્મળ ને સુખી થતો ગયો છે ને હજુ થતો જાય છે.

આ પુણ્યસ્મરણમાંથી કોઈ એવું તો નહીં માની લે કે અમે આદર્શ દંપતી છીએ, અથવા તો મારી ધર્મપત્નીમાં કંઈ જ દોષ નથી, અથવા તો અમારા આદર્શો હવે તો એક જ છે. કસ્તૂરબાઈને કંઈ સ્વતંત્ર આદર્શ છે કે નહીં તે તે બિચારી પોતે જાણતી પણ નહીં હોય. મારાં ઘણાં આચરણો તેને આજ પણ નહીં ગમતાં હોય એવો સંભવ છે. તેને વિષે ચર્ચા અમે કદી કરતાં નથી, કરવામાં સાર નથી. તેને નથી તેનાં માબાપે કેળવણી આપી, કે નથી જયારે સમય હતો ત્યારે હું આપી શકયો. પણ તેનામાં એક ગુણ બહુ મોટા પ્રમાણમાં છે જે બીજી ઘણી હિંદુ સ્ત્રીઓમાં ઓછાવત્તા પ્રમાણમાં રહેલો છે. મને કમને, જ્ઞાનથી અજ્ઞાનથી, મારી પાછળ ચાલવામાં તેણે પોતાના જીવનની સાર્થકતા માની છે, અને સ્વચ્છ જીવન ગાળવાના મારા પ્રયત્નમાં મને કદી રોકયો નથી. આથી, જોકે અમારી બુદ્ધિશક્તિમાં ઘણું અંતર છે છતાં અમારું જીવન સંતોષી, સુખી અને ઊર્ધ્વગામી છે એમ મને લાગ્યું છે.



સૌજન્ય : સત્યના પ્રયોગો

### કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન

# ફૅકલ્ટી ઑફ ઍજ્યુકેશન દ્વારા સ્વરો અને વ્યંજનો વિશે કાર્યશિબિર યોજાયો



ગાંધીનગર, તા. ૯

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફૅકલ્ટી ઑફ ઍજ્યુકેશન અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ દ્વારા સર્વ વિદ્યાલય કેળવણી મંડળની વિવિધ શાળાઓના ગુજરાતી વિષયના શિક્ષકો અને બીઍડ કૉલેજના તાલીમાર્થીઓ વ્યાકરણથી સજ્જ થાય તે હેતુથી ભાષામાં વિવિધ સ્વરો અને વ્યંજનો વિશે કાર્યશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. તજજ્ઞ તરીકે ઉપસ્થિત જાણીતા સાહિત્યકાર ડૉ. રાજેન્દ્રસિંહ વાઘેલાએ સ્વર એટલે શું ? વ્યંજન એટલે શું ? ભાષામાં તેનો ભેદ શું છે ? તે વિગતે સમજાવ્યું હતું. આ કાર્યક્રમમાં નર્સિંગ કૉલેજના ડિરેક્ટર ડૉ. આર જે વ્યાસ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળના કૅમ્પસ ડિરેક્ટર ડૉ. સોમભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંત ભાગમાં પ્રા. નરેન્દ્રભાઈ નાયી દ્વારા આભાર દર્શન કરવામાં આવ્યું હતું.

# શ્રીમતી આર સી પટેલ સ્કૂલમાં અભ્યાસેતર પ્રવૃત્તિઓ યોજાઈ



ગાંધીનગર, તા. ૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર સી પટેલ શાળા ખાતે સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ શાળાના ગ્રાઉન્ડમાં યોજવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ધોરણ-૯ અને ૧૧ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, સોલો ડાન્સ, ગૃપ ડાન્સ અને ઍક્શન સોન્ગની પ્રસ્તુતિ કરી હતી. ધોરણ-૯ની વિદ્યાર્થિની હની પટેલે શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન મેઘાબેન ભટ્ટ, શ્રેયાબેન પટેલ, દક્ષાબેન પટેલ, ધવલભાઈ પ્રજાપતિએ કર્યું હતું. આચાર્ય વિનોદભાઈ પટેલે આ ઉત્સાહી આયોજન બદલ સૌ વિદ્યાર્થી-શિક્ષકોને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.